# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૨૭ તા.૧૬-૬-૧૫

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય :- તા. ૧૮,૧૯,૨૦ જૂન- ૨૦૧૫ દરમ્યાન 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫' ની ઉજવણી કરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્યશિક્ષકશ્રીઓને જણાવવાનું કે પરિપત્ર નં.૨૪/તા.૮-૬-૧૫માં યોગ નિદર્શન માટે ૪ મિનિટનો સમય ફાળવેલ છે તેના બદલે ૯ મિનિટ યોગ નિદર્શન કરવાનું રહેશે. યોગ નિદર્શનમાં આંખો, કાંડા, ખભાનું પરિભ્રમણ કે અનુલોમ-વિલોમ ન કરાવતા તા.૨૧-૬-૧૫ના રોજ વિશ્વ યોગા દિન નિમિત્તે ૩૩ મિનિટનો જે કાર્યક્રમ થનાર છે, તે પૈકી ૯ મિનિટમાં વિવિધ પ્રકારના આસનો કરાવવાના રહેશે. શાળાના ૧૦ થી ૧૫ બાળકો દ્વારા ૨૦ X ૨૦ ના અલગ સ્ટેજ પર આસનોનું નિદર્શન કરાવવું. આમ, કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ-૨૦૧૫ કાર્યક્રમનું આખરી સ્વરૂપ નીચે મુજબ રહેશે.

| ક્રમ | વિગત | મિનિટ |
|---|---|---|
| ૧ | મનુષ્ય ગૌરવ ગાન (સંગીત વૃદ અને અભિનય સાથે ગાન) | ૦૫ મિનિટ |
| ૨ | રાષ્ટ્રભક્તિ ગીતનું ગાન | ૦૪ મિનિટ |
| ૩ | યોગ નિદર્શન (૧૦ થી ૧૫ બાળકો દ્વારા અલગ સ્ટેજ પર પ્રદર્શન ) | ૦૯ મિનિટ |
| ૪ | આંગણવાડીના બાળકોને રમકડાં અને સુખડીનું વિતરણ, બાલભોગ | ૦૪ મિનિટ |
| ૫ | ધો.૧માં પ્રવેશ પામેલા બાળકોને કીટ વિતરણ | ૦૪ મિનિટ |
| ૬ | ધો. ૫ પાસ બાળકોને ધો.૬માં અને ધો.૮ પાસ બાળકોને ધો.૯માં પ્રવેશની કામગીરી | ૦૩ મિનિટ |
| ૭ | વિદ્યાલક્ષ્મીબોન્ડ, શિષ્યવૃત્તિ, વિદ્યાદીપ યોજનાના ચેક, પાઠ્યપુસ્તકો તેમજ ધો.૯નાં જનરલ કેટેગરી ધરાવતી કન્યાઓને સાયકલ વિતરણ | ૦૪ મિનિટ |
| ૮ | દાનમાં મળેલ પુસ્તકોને મહાનુભાવોના હસ્તે શાળા લાયબ્રેરી ખાતે અર્પણ, | ૦૨ મિનિટ |
| ૯ | ધો.૩ થી ૮મા પ્રથમ ત્રણ ક્રમે પાસ થનાર દીકરા-દીકરીનું પુસ્તક દ્વારા સન્માન તથા વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરનાર બાળકનું સન્માન | ૦૫ મિનિટ |
| ૧૦ | શાળામાં ભણી ગયેલ વયોવૃદ્ધ વ્યક્તિઓનું સન્માન તથા શાળામાં ભણેલા અને પોતાના કાર્યક્ષેત્રમાં ખાસ યોગદાન આપેલ હોય તેવી વ્યક્તિઓનું સન્માન | ૦૨ મિનિટ |
| ૧૧ | અમૃત વચન (પાણી બચાવો, જળ એ જ જીવન, પર્યાવરણ, બેટી બચાવો, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન) વિષય પર ૩-૪ વિદ્યાર્થીઓનું વકતવ્ય | ૧૦ મિનિટ |
| ૧૨ | મુખ્ય મહેમાનશ્રીનું પ્રવચન | ૦૮ મિનિટ |
| ૧૩ | આભાર વિધિ | ૦૨ મિનિટ |
| ૧૪ | વૃક્ષારોપણ કાર્યક્રમ (સરગવા/ ફળના છોડ) | ૦૩ મિનિટ |
| | | ૬૫ મિનિટ |

તા.૧૬-૬-૧૫

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી